Communities and Local Government

# ભાડૂતો

## તમારી ડિપોઝિટ સુરક્ષિત રાખવી

**ટેનન્સી ડિપોઝિટ પ્રોટેક્શન**
**(ભાડૂતી કરાર હેઠળ મૂકેલી ડિપોઝિટની સુરક્ષા)**
6 એપ્રિલ 2007થી

# ટેનન્સી ડિપોઝિટ પ્રોટેક્શન શું છે?

તમારા પ્રશ્નોના જવાબ...

## શું તમે 6 એપ્રિલ 2007ના રોજ અથવા તે પછી કોઈ ખાનગી મકાનમાલિક કે એજન્ટ સાથે નવો ભાડાનો કરાર (ટેનન્સી) શરૂ કરી રહ્યાં છો?

6 એપ્રિલ 2007 પછી, જ્યારે તમે ડિપોઝિટ ચૂકવો ત્યારે તમારા મકાનમાલિક અથવા એજન્ટે સરકારની અધિકૃત મંજૂરી અપાયેલી ટેનન્સી ડિપોઝિટ સ્કીમ (ભાડાના કરાર હેઠળ ચૂકવાયેલી ડિપોઝિટ માટેની યોજના)માં સુરક્ષિત રાખવી જ પડશે.

**તમે તમારા મકાનમાલિકને તે વિશે પૂછો છો તેની ખાતરી કરો.**

તમારી ટેનન્સી ડિપોઝિટનું રક્ષણ કરવામાં આવે તેની સરકાર ખાતરી કરવા માગે છે, જેથી:

- તમે જ્યારે હકદાર બનો, ત્યારે તમને તમારી બધી જ ડિપોઝિટ અથવા તેની અમુક રકમ પાછી મળે
- તમારા અને તમારા મકાનમાલિક કે એજન્ટ વચ્ચે થયેલા કોઈ પણ ઝઘડાનો ઉકેલ લાવવાનું વધારે સહેલું બનશે

## ઘરમાં રહેવા જવું

નવા ટેનન્સી એગ્રીમેન્ટ (ભાડાના કરાર)ની શરૂઆતમાં, તમે સામાન્ય રીતે કરવામાં આવે છે તેમ જ તમારી ડિપોઝિટ તમારા મકાનમાલિક અથવા એજન્ટને ચૂકવો છો. 14 દિવસની અંદર, તમારા મકાનમાલિકે અથવા એજન્ટે તમારી ડિપોઝિટ કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવી છે તેની નીચે જણાવ્યા સહિતની વિગતો તમને આપવાની રહેશે:

- ટેનન્સી ડિપોઝિટ સ્કીમના સંપર્કની વિગતો
- મકાનમાલિક કે એજન્ટના સંપર્કની વિગતો
- ડિપોઝિટ છોડાવવા માટે કેવી રીતે અરજી કરવી
- ડિપોઝિટનો હેતુ સમજાવતી માહિતી
- ડિપોઝિટ વિશે કોઈ ઝઘડો થાય તો શું કરવું

જો તમને આ માહિતી ન મળે, તો તમારા મકાનમાલિક કે એજન્ટને આ સરળ પ્રશ્ન પૂછો – **'મારી ડિપોઝિટ કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવી છે?'**

## તમારી ડિપોઝિટની સુરક્ષા કરવી

તમને જે હાલતમાં મકાન ભાડે આપવામાં આવ્યું હોય તેમાં વપરાશને કારણે વાજબી પ્રમાણમાં થયેલા ઘસારાને બાદ કરતાં, તે જ હાલતમાં મકાન પાછું સોંપવાની જવાબદારી તમારી છે.

આથી જ્યારે તમે તમારા ટેનન્સી એગ્રીમેન્ટમાં સહી કરો ત્યારે, નીચેની બાબતોની ખાતરી કરી લેવાનો વિચાર સારો છે:

- તમે મકાનમાં મૂકવામાં આવેલી વસ્તુઓ (ફર્નિચર અને લગાવેલાં અન્ય સાધન-સામગ્રીઓ)ની યાદી રાખો
- મકાનની અને તેમાં મૂકેલી વસ્તુઓની હાલત કેવી છે તેની નોંધ કરી લો (ફોટા પાડી લેવાનો વિચાર સારો છે)
- તમારા મકાનમાલિક કે એજન્ટ કયા સંજોગોમાં તમારી ડિપોઝિટ પર દાવો કરી શકે તેમ છે તે તપાસી લો

# તે કેવી રીતે કામ કરે છે?

અમારી સરળ પગથિયાંવાર માર્ગદર્શિકા આ રહી...

## આ સ્કીમો ચલાવતી સંસ્થાઓ કોણ છે?

ત્રણ ટેનન્સી ડિપોઝિટ સ્કીમો આ છે:

**Tenancy Deposit Solutions Ltd**
**ટેનન્સી ડિપોઝિટ સોલ્યુશન્સ લિમિટેડ**
www.mydeposits.co.uk
info@mydeposits.co.uk

**The Tenancy Deposit Scheme**
**ધ ટેનન્સી ડિપોઝિટ સ્કીમ**
www.tds.gb.com
0845 226 7837

**The Deposit Protection Service**
**ધ ટેનન્સી પ્રોટેક્શન સર્વિસ**
www.depositprotection.com
0870 707 1 707

તમારી ડિપોઝિટ કઈ સ્કીમમાં સાચવવામાં આવી છે તે તમારા મકાનમાલિકને પૂછી જુઓ.

## જો તમારા મકાનમાલિક કે એજન્ટે તમારી ડિપોઝિટ સુરક્ષિત ન રાખી હોય તો તમારે શું કરવું જોઈએ?

તમે તમારી સ્થાનિક કાઉન્ટિ કોર્ટમાં અરજી કરી શકો છો. કોર્ટ મકાનમાલિકને કે એજન્ટને તમારી ડિપોઝિટ તમને પાછી ચૂકવી આપવા માટે અથવા કોઈ સ્કીમમાં તેને સુરક્ષિત રાખવા માટે હુકમ કરી શકે છે. જો તમારા મકાનમાલિક કે એજન્ટે તમારી ડિપોઝિટ સુરક્ષિત ન રાખી હોય, તો તેમને તે ડિપોઝિટની ત્રણ ગણી રકમ તમને પાછી ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવશે.

## મકાન છોડવું

ટેનન્સી પૂરી થયે, તપાસી લો કે તમને મકાન અને તેમાંની વસ્તુઓ જેવી હાલતમાં ભાડે આપવામાં આવી હતી તેવી જ હાલતમાં તમે મૂકીને જાવ છો – વપરાશને કારણે થયેલા વાજબી ઘસારાને બાદ કરતાં – અને તપાસી લો કે તમે તમારું ભાડું તેમજ બીજા કોઈ ખર્ચા હોય તો તે ચૂકવી દીધેલા છે. તે પછી તમારા મકાનમાલિક કે એજન્ટ સાથે નક્કી કરો કે તમને કેટલી ડિપોઝિટ પાછી ચૂકવવામાં આવવી જોઈએ.

10 દિવસની અંદર – તમે નક્કી કરેલી ડિપોઝિટની રકમ તમને મળી જવી જોઈએ.

## ઝઘડાનો ઉકેલ લાવવો

તમે જ્યારે મકાન છોડો ત્યારે તમને કેટલી ડિપોઝિટ પાછી ચૂકવવામાં આવવી જોઈએ તે જો તમે અને તમારા મકાનમાલિક કે એજન્ટ નક્કી ન કરી શક્યાં હો, તો તમારા ઝઘડાનો ઉકેલ લાવવામાં તમારી મદદ કરવા માટે તમારી ડિપોઝિટની રક્ષા કરતી સ્કીમ દ્વારા એક મફત સેવા પ્રદાન કરવામાં આવશે. તેની વિગતો માટે, તમારા મકાનમાલિક કે એજન્ટે તમને ટેનન્સીની શરૂઆતમાં આપેલી માહિતી તપાસી જુઓ.

તમારા મકાનમાલિકે જ્યાં સુધી ડિપોઝિટની રકમ સ્કીમમાં સુરક્ષિત ન રાખી હોય અને તે કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવી છે તે તમને ન કહ્યું હોય ત્યાં સુધી, ટેનન્સી પૂરી થયા પછી તે મકાનનો કબજો પાછો મેળવવા માગે છે તેવી નોટિસ તમને ન આપી શકે.

વધારે જાણકારી
મેળવવા માગો છો?

**સલાહ માટે જુઓ:**

**www.direct.gov.uk/tenancydeposit**
પત્રિકા મંગાવવા માટેની લાઈનને ફોન કરો:
**0845 609 0696**

અથવા નીચેની સંસ્થાઓનો સંપર્ક કરો:

## Shelter
**શેલ્ટર**
રહેઠાણ વિશે સલાહ આપતી **મફત*** હેલ્પલાઈન
0808 800 4444
(અઠવાડિયાના 7 દિવસ સવારે 8થી મધ્યરાત્રિ સુધી ખુલ્લી)
**www.shelter.org.uk/advice**
*કેટલીક મોબાઈલ ફોન કંપનીઓ આ નંબર પર ફોન કરવા માટે ચાર્જ લઈ શકે

## Citizens Advice
**સિટિઝન્સ એડવાઈસ**
ફોન બુકમાં તેમજ આ વેબસાઈટ પર વિગતો આપેલી છે
**www.adviceguide.org.uk**

## National Union of Students
**નેશનલ યુનિયન ઓફ સ્ટુડન્ટ્સ**
**www.nusonline.co.uk/info/housing**
વધારે માહિતી માટે તમારા સ્ટુડન્ટ એડવાઈસ સેન્ટરની અથવા સ્ટુડન્ટ્સ યુનિયનની મુલાકાત લો.

Published by the Department for Communities and Local Government.
©Crown copyright 2007.
Printed on paper comprising no less than 75% post-consumer waste.
Product Code: 06HMD04101/TGUJ